એવું કશું બની ગયું હમણાં બનાવમાં,
હિંમત સિવાય કોઈ ન આવે બચાવમાં.

જીવી શકું છું દોસ્ત ગમે તે અભાવમાં,
એથી ફરક નથી પડ્યો મારા સ્વભાવમાં.

સંજોગ, દુનિયા એવું કશું ના નડયું ને તો,
આવી ગયા લ્યો એ જ મગજના દબાવમાં.

ફરિયાદ તો હે સાથી તેં પહોળું કર્યાની છે,
કાણું તો છેકથી જ હતું મારી નાવમાં.

સાગરમાં જાણે કાંકરો નાખ્યો હો એટલી,
બસ થાય છે દુઃખોની અસર હાવભાવમાં.

એ કામનો હવે અહીં વેપાર થાય છે,
જે કામ આપણે કરી દેતા લગાવમાં.

છોડી જનાર કોના થયા જોયું તો થયું,
સાગર ત્યજીને માછલી પહોંચી તળાવમાં.

મારી ગઝલની તો જ હરીફાઈ થઈ શકે,
હૈયું ઉદાસ હો ને મગજ હો તણાવમાં.

જાતે પ્રગટ થશે...

નારાજગી, મોટાઈ કે છે આ સમજદારી કહો?
જેના ઉપર હક છે હવે ત્યાં પણ કશું કહેતો નથી.

જોનાર જાણે હું સુકાયો છું કે બેહદ વિસ્તર્યો
પણ હું એ જાણું છું કે પહેલા જેમ હું વહેતો નથી.

આ ભેદ એને ખ્યાલ આવી જાય તો સારું થશે,
એ એની પાસે છે પણ એની સાથે એ રહેતો નથી.

ગોટાળા થાય એના હિસાબોમાં તો ઈશ્વર શું કરે?
આર્થિક દશા સારી નથી ને એટલે મહેતો નથી.

તું કેમ મોટા જખ્મમાં કંઈ પણ નથી બોલ્યો 'વિકી'?
ચૂપચાપ તો તું સાવ નાના જખ્મ પણ સહેતો નથી.

જાતે પ્રગટ થશે...

સઘળું ગુમાવી શૂન્યથી સર્જન કર્યું હતું,
અમને વિચારશક્તિ મફતમાં નથી મળી.

આસક્તિએ કર્યા હતા હડધૂત કાયમી,
હે દોસ્ત! આ વિરક્તિ મફતમાં નથી મળી.

કરવા પડે છે કૈક અધમ માનવીના કામ,
ભગવાનને ય ભક્તિ મફતમાં નથી મળી.

આ ઘર ગુમાવી બેઠું છે માલિકને યુદ્ધમાં,
શૂરવીરવાળી તક્તિ મફતમાં નથી મળી.

ચારિત્રને ટકાવવા સ્વીકાર્યા છે અભાવ,
ખુદમાં જ ગમતી વ્યક્તિ મફતમાં નથી મળી.

જાતે પ્રગટ થશે...

મંજિલ તો એમાં સાવ મફતમાં મળી ગઈ,
ચાલ્યો'તો હું તો સુસ્ત ચરણને સુધારવા.

જ્યાં ના ગમ્યું ત્યાં પણ કર્યા સંબંધ આપણે,
આખું જીવન બગાડ્યું મરણને સુધારવા!

એનું હૃદય બદલવા પ્રયત્નો કર્યા છે એમ,
એક ઝાડવું મથ્યા કરે રણને સુધારવા.

પાગલ ગણીને સૌ પછી મારા ઉપર હસ્યાં,
હું તો હસ્યો તો ફક્ત સ્મરણને સુધારવા.

એ પથ્થરો જ સૌથી વધારે ઘસાય છે,
આડા પડ્યા હતા જે ઝરણને સુધારવા.

મેં જાતે જ મૃગજળો ચિતર્યા હતા બધે,
જીવનની ઝંખનાના હરણને સુધારવા.

એમાં હજારો ક્ષણ ગઈ એ ખ્યાલ ના રહ્યો!
મથતો રહ્યો ન ગમતી બે ક્ષણને સુધારવા.

મુશ્કિલ કામમાં 'વિકી' બાળક બની જવું,
જે આયનો મૂકી દે કિરણને સુધારવા.

જાતે પ્રગટ થશે...

નથી શીખ્યા કદી એ જિંદગીમાં કામ ના આવે,
તમે સીતા નથી તો જિંદગીમાં રામ ના આવે.

બજારોના નિયમ હૈયા વિષયમાં કામ ના આવે,
ત્યાં સંગ્રહખોરી કરવાથી વધારે દામ ના આવે.

જે સારું કામ છે એમાં તરત પરિણામ ના આવે,
આ દુઃખનો વેશપલટો છે; ના, સુખ તો આમ ના આવે.

આ મજબૂતી મળી છે કામ કરવામાં ને લડવામાં,
પ્રભુ, તું જોજે મારા ભાગ્યમાં આરામ ના આવે.

આ વખતે મારે બસમાંથી ફક્ત દૃશ્યો જ જોવા છે,
કવિતા નહીં લખું જો વચ્ચે મારું ગામ ના આવે.

ખુમારી ને ઇરાદાના મિલનથી જન્મ લે હિંમત,
આ રીતે હાથમાં હથિયાર લીધે હામ ના આવે.

બને કે રોશનીને બદલે દીવો ઘરને સળગાવે,
જીવનમાં દર વખત ધાર્યા મુજબ અંજામ ના આવે.

કહે સાચું કહી દે હે કવિ કોણે રડાવ્યો'તો?
અમસ્તા કંઈ ખુમારીની ગઝલમાં જામ ના આવે.

પ્રભુ ચાલાક છે એથી જીવનમાં તમને મૂક્યા'તા,
કે બરબાદીમાં મારી ક્યાંય એનું નામ ના આવે.

જાતે પ્રગટ થશે...